વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
**શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ**
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

**મુમુક્ષુજીવોના પરમ તારણહાર, પંચમકાળમાં**
**અધ્યાત્મ અમૃતની વર્ષા કરનાર નિષ્કારણ કરુણાશીલ સૌમ્યમૂર્તિ**
**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સમાધિદિન (ચૈત્ર સુદ પાંચમ) પર**
**તેઓશ્રીના ચરણોમાં કોટી કોટી વંદન**








**હે પરમકૃપાળુ દેવ ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિ ઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું, વળી આપ શ્રીમદ્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો, જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપનાં ચરણારવિંદમાં નમસ્કાર કરું છું. આપની પરમભક્તિ અને વીતરાગ પુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગૃત રહો એટલું માગું છું તે સફળ થાઓ.**


**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૯ : અંક–૩૦૩, વર્ષ–૨૫, માર્ચ–૨૦૨૩

**શ્રાવણ સુદ ૩, ગુરુવાર, તા.૨૧-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૯૫,૯૬, પ્રવચન–૪૦**





કહે છે, ભાઈ! તું પોતે પરમાત્મા છો ને! અંદરમાં શુદ્ધ આખો (છે). તું ગોતવા ક્યાં જાય (છે)? ક્યાંય 'સમેદશીખર'માં છે ભગવાન? 'શેત્રુંજય'માં છે? દેરાસરમાં છે? મૂર્તિમાં (છે)? ક્યાં છે તારો ભગવાન? આહાહા..! 'મેરો ધણિ હૈ..' આવે છે ને આપણે? ('સમયસાર નાટક'). 'દૂર દેસાંતર..' શું (છે)? 'મોહિમેં હૈ મોકો..' કેટલામું પાનું છે? 'બંધ અધિકાર'? પાનું કેટલું પણ? પાનાની ખબર ન હોય. આવ્યું.. આવ્યું.

**केई उदास रहैं प्रभु कारन, केई कहैं उठि जांहि कहींकै।**
**केई प्रनाम करैं गढ़ि मूरति, केई पहार चढ़ैं चढ़ि छींकै।।**

એ તો શુભભાવ છે, એટલું. બાકી ન્યાં ભગવાન નથી, તારો ભગવાન તો અહીં છે.

**केई कहैं असमानके ऊपरि, केई कहैं प्रभु हेठे जमींकै।**
**मेरो धनी नहि दूर दिसन्तर, मोहीमें है मोहि सूझत नीके।।४८।।**

''મેરો ધની નહિ દૂર દિસન્તર, મેરો ધની નહિ દૂર દિસન્તર, મોહીમેં હૈ મોહિ સૂઝત નીકે।।' જુઓ! આ 'બનારસીદાસે' શું કીધું આ? **'मोहि सूझत नीके'** અરે..! ભગવાન! તારી તને ન ખબર પડે, એ તે કંઈ વાત છે? અરે..! એ તે કંઈ

આંધળો છે? કીધું ને હમણાં તો એનામાં પ્રત્યક્ષ થવાનો જ ગુણ છે. અનાદિઅનંત ગુણ છે.

મુમુક્ષુ : આ કાળ એને નડે છે.

ઉત્તર : કાળ કે દિ' એને નડતો હતો? કાળ કાળને ઘરે રહ્યો. એ પણ એમાં ઘણે ઠેકાણે કહ્યું છે. દિવસ ને પહોર ને ઘડી મારી–મારી એમ કહ્યું છે, એક ઠેકાણે, હોં! દિવસ, ઘડી એને ઘરે રહી. એ ક્યાંક છે. એ ભાઈ બહુ ગાતા. 'દામોદર લાખાણી'. આ મારો પહોર ને આ મારો દિ'. દિ' અને પહોર તો ન્યાં રહ્યો, અહીં ક્યાં અંદરમાં ગરી ગયો છે? સમજાણું? એવું આવે છે. **'मोहीमें है मोहि सूझत नीके'** 'બંધ અધિકાર' ૪૮મો છે. 'બનારસીદાસ'!

અરે...! ભગવાન તારો તારી પાસે છે, બાપા! ક્યાંય ગોતવા જાય તો ત્યાંથી મળે એવો નથી. પણ ન હોય એમાંથી ક્યાંથી મળે? હોય એમાંથી મળે કે ન હોય એમાંથી મળે? આહાહા..! આવડો મોટો હું! એને બેસતું નથી. રાંકો થઈ ગયો, રાંકોભિખારી. આવડો હું!

એક નાની ઉંમરનો વાણિયાનો છોકરો હતો. એનો બાપ પચીસ કરોડ રૂપિયા મૂકી ગયેલો. પચીસ કરોડ! મોસાળમાં. આને મહિને સો રૂપિયા આપે. ખાવા–પીવાનું તો હોય ગુંજાના સો રૂપિયા. પછી મોટો થયો એટલે એને થયું કે, મારે તો માણસ સારા હોય, અહીં ક્યાંય ખાવા–પીવા જાવું હોય, મિત્રો મને જમાડે છે, તો મારે પણ જમાડવા જોઈએ. મારે વધારે (પૈસા) જોઈએ. બીજો માણસ કહે, પણ આ બધા પચીસ કરોડ તારા છે. એ તો ... છે. હેં...! હા, તૈયાર થઈને ધણી થા.

એમ આ આત્મામાં મહાનિધાન પડ્યું છે એનો એ ધણી છે. આહાહા..! ખબર નથી, બાળકની પેઠે એને ખબર નથી. થોડા પુણ્ય કરે ને થોડો રાગ મંદ કરે ને કાંઈ કર્યું તો (એમ માને કે), ઓહોહો..! આપણે ઘણું કર્યું. એ અમારી મૂડી, એ અમારી પૂંજી. એ (મૂડી) નહિ. સમજાણું?

બે વાત કરી, હોં! એક કોર આત્મા છે અને એક કોર રાગાદિ, વિકારાદિ પર છે એ બેને જાણે તો આનો આશ્રય લઈને આ પરભાવને છોડે. બેને જાણ્યા વિના એકનો આદરવો અને એકનો છોડવું, જ્ઞાન તો બેયનું જોશે, એમ કહે છે. ઓલામાં કહ્યું હતું એકલું આત્માનું જ્ઞાન. પછી આમાં બે સાથે લીધા. ભગવાનઆત્મા શુદ્ધિ જેટલી તારે પ્રગટ કરવી છે એ બધી શુદ્ધિ તારા સત્ત્વમાં સત્ત્વમાં સત્ત્વમાં પડી છે. એવા આત્માને જાણતાં રાગાદિ, વિકારાદિ, પુણ્ય–પાપના ભાવ એ પર છે, એમ જાણીને આની કોર ઢળતાં આ છૂટી જશે. પરભાવને છોડવા. એને જાણીને છોડવા અને આને જાણીને આદરવો, એમ બે વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

'અને પરભાવોનો ત્યાગ કરતો નથી...' **'सो सयल सत्थइं जाणिइ'** ભલે સર્વ શાસ્ત્રો જાણે તોપણ મોક્ષના સુખને નહિ પામે. શાસ્ત્રના ભણતર.. ખૂબ ક્ષયોપશમ.. ક્ષયોપશમ.. ક્ષયોપશમ.. ક્ષયોપશમ દરિયા જેવો, પણ ભગવાન જાણ્યો નહિ અને રાગને પૃથક્ કરીને છોડ્યો નહિ (તો) શું જાણ્યું?

મુમુક્ષુ : શાસ્ત્ર વાંચવાથી સંવર, નિર્જરા થાય પછી શું કરવા કાઢે?

ઉત્તર : અરે..! ભગવાન! એ તો શાસ્ત્રમાં આવે. સ્વાધ્યાય કરતાં જ્ઞાનીને અસંખ્યગુણી નિર્જરા થાય એવું 'ધવલ'ના પહેલા ભાગમાં આવે છે. પણ એનો અર્થ એમ નથી કે શાસ્ત્ર સન્મુખનો જે વિકલ્પ છે એનાથી પણ સંવર, નિર્જરા (થાય છે) એવું નથી. એ વખતે એનું ઘોલન અંતર તરફ વળે છે. સમયે સમયે મુખ્ય નિશ્ચય તરફ જ પરિણતિ થઈ ગઈ છે. એને આ શાસ્ત્રના સ્વાધ્યાય કાળમાં વિકલ્પ તો જે છે એ તો પરાશ્રય પુણ્યનું કારણ છે, પણ એ સમયે સ્વભાવ તરફનું જેટલું ઢળન છે એટલી નિર્જરા છે. એ નિર્જરા છે. શાસ્ત્ર સ્વાધ્યાયના વિકલ્પથી નિર્જરા હોય તો તો ૩૩ સાગર સુધી સર્વાર્થસિદ્ધિના દેવને બહુ નિર્જરા થવી જોઈએ. ગુણસ્થાન ફરતું નથી, ચોથું ને ચોથું રહે છે. ૩૩ સાગર સુધી સ્વાધ્યાય (ચાલે) અને છેવટે એ પણ એમ કહે છે, અરે..! આ

વિકલ્પ છૂટે (અને) સ્થિરતા થાય તે દિ' અમારી નિર્જરા વિશેષ થાય. આહાહા..! એ મનુષ્યપણું પામીએ, અમારી ગુણસ્થાનની દશા સ્વર્ગમાં વધતી નથી. પુણ્ય ઘણા, પુણ્ય ઘણાને! જ્યાં પાણીને પ્રવાહ હોય ત્યાં કાંઈ ખેતી કરાય? બીજ ગરે શી રીતે અંદર? ટકે શી રીતે? એમ સમ્યગ્દર્શન થયું છતાં પુણ્યનો પ્રવાહ ઘણો છે, પુણ્યનો પ્રવાહ ઘણો છે એટલે સ્થિરતાનું બીજ ત્યાં રહી શકતું નથી. સમજાય છે? નારકીમાં ખાર જમીન છે. જેમ ખાર જમીનમાં બીજ ઉગે નહિ અને પુણ્યના પ્રવાહમાં બીજ ઉગે નહિ. એમ પુણ્યના પ્રવાહમાં પડ્યા દેવ સ્વરૂપની સ્થિરતા કરી શકે નહિ. નારકીમાં પાપ કર્યા એ અંતરની સ્થિરતા કરી શકે નહિ. સમ્યગ્દર્શન સુધી કરી શકે. સમજાણું કાંઈ? એ પણ છેવટે ૩૩ સાગર સ્વાધ્યાય કરીને.. ૩૩ સાગર એટલે શું? આહાહા..! દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ, એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ.

મુમુક્ષુ : ગણતરીમાં પકડાય નહિ.

ઉત્તર : પણ અનંતકાળ થયો, બાપુ! આ તો આદિ વિનાનો કાળ (છે). અસંખ્યાતો અનંત.. અનંત.. અનંત.. અનંત (કાળ) ક્યાં રહ્યો, ક્યાં રહ્યો, ક્યાં રહ્યો? તું છો ને? છો કે નહિ? છે એની હયાતી રહી ક્યાં? રહી ક્યાં? જુઓને, આમ આદિ વિનાના કાળમાં રખડતા ભવમાં ક્યાં રખડ્યો? ક્યાં કેટલો (કાળ રહ્યો) એની ખબર છે? એવા અનંતકાળ આગળ આવા ૩૩ સાગર તો ક્યાંય અનંતમે ભાગે છે. એ ૩૩ સાગરમાં એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ (જાય). અને એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. એટલો સ્વાધ્યાય કરે, એમ અહીં કહેવું છે. પણ એ ગુણસ્થાન ફરતું નથી. જો બહુ નિર્જરા થતી હોય તો ગુણસ્થાન ફરવું જોઈએ. સમજાણું આમાં? બહુ નિર્જરા થાય તો (ફરવું જોઈએ). ચોથું ને ચોથું રહે છે. અંતરની એકાગ્રતા વિના નિર્જરા હોઈ શકે નહિ. પુણ્યબંધન ઘણું કરે છે.

મુમુક્ષુ : શાસ્ત્રના અર્થ કરવામાં..

ઉત્તર : ન્યાં શાસ્ત્રના અર્થ કરવામાં.. શું ધૂળ? આ બધા સમજ્યા વિનાના અર્થ કરે છે. સાચી દ્રષ્ટિ મળી નથી અને એ દ્રષ્ટિ વિના શાસ્ત્રના અર્થ કરે. 'જન્માંધનો દોષ નહિ આંતરો, જાતિ અંધનો દોષ નહિ આંતરો, જે નવિ જાણે અર્થ...' આંધળો અર્થ શું જાણે? 'મિથ્યાદ્રષ્ટિ રે તેથી આંતરો, કરે અર્થના રે અનર્થ' આહાહા..! વસ્તુનું જે નિશ્ચય સ્વરૂપ છે, વ્યવહાર સ્વરૂપ છે, જેમ તેનો અર્થ હોવો જોઈએ, તે રીતે ન કરે એ તો કહે છે, 'જાતિ અંધ કરતા મિથ્યાદ્રષ્ટિ આંતરો છે, કરે અર્થના અનર્થ' અરે..! વીતરાગની પેઢીએ બેસીને, વીતરાગના માર્ગની પેઢીએ બેસીને વીતરાગને નામે અર્થ ઊંધા કરીને ચલાવે. બાપુ! બહુ જવાબદારી છે, ભાઈ! બહુ જવાબદારી છે, બાપા! એ તને અત્યારે નહિ લાગે. આહાહા..! વીતરાગનો માર્ગ સ્વઆશ્રયથી શરૂ થાય છે. પરાશ્રયથી લાભ મનાવે, ભાઈ! એ વીતરાગમાર્ગ નથી. ત્રણકાળ ત્રણલોકમાં નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે, જેણે આત્માને જાણ્યો એ પરભાવને પણ જાણે, પણ જાણીને ન છોડે તો એ શાસ્ત્ર જાણ્યા શું એણે? રાગ ને વિકાર મારા સ્વભાવથી જુદાં છે, એમ જ્યારે પૃથક્પણું જાણ્યું અને એકત્વપણું રાખે તો એણે જાણ્યું શું? સમજાણું કાંઈ? તેથી કહે છે કે, પર વસ્તુને, રાગ–દ્વેષને છોડે છે. અજ્ઞાની અનાદિથી કર્મચેતનામાં જ લીન છે. એને આત્માના સ્વભાવનું ભાન નથી.


'હું તો પરમ વીતરાગી જ્ઞાન, દર્શન, સુખ, વીર્યનો ધારક કર્મકલંક રહિત પરમાત્મા છું.' એવું એણે જ્ઞાન શાસ્ત્ર ભણ્યો પણ કર્યું નથી. જ્યારે આવો પરમાત્મા, એવું સમ્યગ્દર્શન થતાં એને વિકારની એકત્વતા તૂટી જાય છે. એટલે વિકારનો પરભાવ ત્યાગ થઈ જાય છે. એને ત્યાગ થઈ ગયો. દ્રષ્ટિમાંથી ત્યાગ થઈ ગયો. પછી સ્વરૂપની જેટલી સ્થિરતા કરતો જાય એટલી અસ્થિરતા ટળતી જાય. આવું ન થાય તો એણે શાસ્ત્ર–બાસ્ત્ર કાંઈ જાણ્યા નથી અને એનો સાર છે એ સમજ્યો નથી.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

*

# ''મૃત્યુ મહોત્સવ''

## દેહત્યાગ સમયે જ્ઞાનીનો પુરુષાર્થ દર્શાવતો પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનનો અંશ



જ્યારે શારીરિક અશાતા થાય ત્યારે મુમુક્ષુએ તો જરાય ગભરાવા જેવું નથી. એને નવો વિચાર ઉત્પન્ન થવો જોઈએ કે, ઠીક છે આ વખતે તો થોડી પ્રયોગ કરવાની તક મળશે. અરેરે ! આ થઈ ગયું અને તે થઈ ગયું અને મટી જાય તો સારૂ હવે ! જલ્દી કામે લાગીએ અને નિરાંત રહે, કાંઈક ઠીક રહે એવી કાંઈ આકુળતા કરવાની કોઈ જરૂર નથી. ભલે પૂર્વકર્મના ઉદયમાં અશાતા આવો અને ન આવે તો અશાતા ઉભી કરે આહાર આદિને લઈને. આ બહારમાં ઉપવાસ વગેરે શું કરવા માટે કરે છે? એ પણ પ્રયોગનો વિષય છે કે, ક્ષુધાની અશાતા ઉભી થાય છે ત્યારે પ્રયોગ કરે છે કે, મારા જ્ઞાનવેદનમાં (આ) અશાતા નથી (એવો) અનુભવ કરું. મારા જ્ઞાનવેદનમાં અશાતાનો અનુભવ કરું નહીં. એમ છે. ઠીક! હવે, આમાં અશાતાને ખરાબ માનવાની ક્યાં વાત રહી? કે આ ન આવે તો સારું, એવો દ્વેષ કરવાનો તો પ્રકાર રહેતો નથી. અને તેથી જ રત્નકરંડ શ્રાવકાચાર જેવા શ્રાવકના આચારના ગ્રંથમાં સમંતભદ્રાચાર્યે એવી વાત ઉપાડી છે કે, જ્ઞાનીને તો મૃત્યુકાળે મૃત્યુનો મહોત્સવ છે. જગતને જેનું નામ સાંભળતાં ફડકો પડે છે, છાતી બેસી જાય છે. કેટલાય બેભાન થઈ જાય છે ને! જ્યારે જ્ઞાનીને તો મૃત્યુ મહોત્સવ છે. કેમકે એ અશાતાનો તીવ્રમાં તીવ્ર ઉદય છે. પ્રાણ છૂટવાના કાળે એટલી અશાતા થાય છે કે, વિસ્મૃતિ એટલી બધી થઈ જાય છે કે નવા ભવમાં આવે ત્યારે આગલા ભવમાં હું ક્યાં હતો? અને કેમ હતો? એનો પત્તો લાગતો નથી. એટલો બધો વિસ્મૃત થઈ જાય છે એક ક્ષણમાત્રમાં, પોતાના ચાલુ અનુભવથી એવી તીવ્ર અશાતાની વેદનામાંથી પસાર થવાની તક માત્ર મૃત્યુના સમયે જ હોય છે. અને જેટલી અશાતા તીવ્ર એટલો જ પુરુષાર્થ ઉગ્ર કરીને એનાથી ભિન્ન પડવાનો અવસર પણ ત્યાં જ છે. ત્યારે એમ કહે છે કે આ તો અમારો મહોત્સવનો કાળ છે. અમારા આનંદના મહોત્સવને વધારે (જોરથી), પુરુષાર્થના મહોત્સવને વધારે (જોરથી) ઊજવવાનો કાળ છે. મહોત્સવમાં શું કરે છે? ઉછળી ઉછળીને જીવો બહારના મહોત્સવમાં રાગ કરે છે, અહીંયાં મહોત્સવમાં એટલું કર્યુ કે આત્મા ઉછળીને અંતર્મુખનો પુરુષાર્થ કરે છે, તેથી એને મહોત્સવનું નામ આપી દીધું અને એવા અનેક જ્ઞાનીઓ છે કે જેને ખ્યાલ આવી જાય છે કે હવે, આ શરીરને છૂટવાનો કાળ નજીક છે. (ત્યારે) એકદમ પુરુષાર્થમાં પ્રણમી જાય છે. પૂજ્ય ગુરુદેવશ્રીનો એ પ્રસિદ્ધ દ્રષ્ટાંત છે. અને સર્વ જ્ઞાનીઓની એ દશા (હોય છે) અને સાવધાન થઈ જ જાય છે.

મુમુક્ષુ :- શું કરતા હોય છે?


પૂ. ભાઈશ્રી :- આત્માને જોરથી પકડે છે. જેમ છોકરું છૂટું પડવાની બીકે એની માના સાડલાનો છેડો જોરથી પકડે છે એમ આ (જ્ઞાની) અશાતાના તોફાનનું પ્રકરણ પરિણામમાં આને ત્યાં જોરથી આત્માને પકડે છે. તોફાનમાં જ તાકાત તો અજમાવેને! ત્યારે કેટલાંક જ્ઞાનીઓ તો નિર્વિકલ્પ ઉપયોગના કાળમાં દેહને છોડે છે, શુદ્ધોપયોગના કાળમાં એમનો દેહાંત થાય છે.

*

# સમ્યક્ત્વ શું છે?

-પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

વિશ્વના તમામ દર્શનોમાં તત્ત્વજ્ઞાનમાં આ વિષયનું કોઈ પ્રકરણ જોવામાં નથી આવતું. અતઃ જૈન દર્શનનું આ એક અનોખું પ્રકરણ છે, તેમજ આ એક જૈન દર્શનનું રહસ્યભૂત પ્રકરણ પણ છે. પૂર્વના અનેક આચાર્યો અને જ્ઞાનીઓએ આ વિષય ઉપર ભિન્ન ભિન્ન પ્રકારથી સંકેત કર્યો છે. માટે આ વિષય સમજી શકાય છે. સર્વથા વચનગોચર નહિ હોવાથી આને વચન અગોચર કહેવાય છે. પરંતુ કથંચિત્ વચનગોચર છે. આ વાત આના નામાભિધાનથી (નામકરણથી) સમજાય છે. પરંતુ આ જ્ઞાનગોચર છે, જો એમ ન હોત તો બીજા અનંત ગુણોની જેમ આનો નિર્દેશ થવો જ અશક્ય હોત.



શ્રી પંચાધ્યાયી ઉત્તરાર્ધની નિમ્ન ગાથા અહીંયાં ઉલ્લેખનીય છે.

**'सम्यक्तवं वस्तुतः सूक्ष्ममस्ति वाचामगोचरम्। तस्माद वक्तुं च श्रोतुं च नाधिकारी विधिक्रमात।।'**(૪૦૦)

(ગાથાર્થ) સમ્યક્ત્વ વસ્તુતઃ સૂક્ષ્મ છે. (બહુભાગ) વચનને અગોચર છે. માટે વિધિપૂર્વક કહેવા અને સાંભળવા માટે કોઈપણ અધિકારી નથી.

સમ્યક્ત્વનો આ વિષય અતિ સૂક્ષ્મ હોવાના કારણે લોકમાં હંમેશાં રહસ્યભૂત રહ્યો છે. તોપણ અત્યંત મહત્ત્વપૂર્ણ અને પ્રયોજનભૂત હોવાથી અહીંયાં આ વિષય ઉપર પ્રકાશ પાડવાનો યથાશક્તિ પ્રયાસ થયો છે.

સમ્યક્ત્વ પ્રગટ થતાં બધાં જ ગુણોનું આંશિક શુદ્ધ અને આંશિક આત્મસન્મુખ પરિણમન થવા લાગે છે. માટે, પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ આ વાતને સૂત્ર નિબદ્ધ કરી છે. ''સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ.''

મૂળમાં સમ્યક્ શબ્દ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. અને આ શબ્દ આત્માભિમુખ એવી દશા સૂચકપણાનો દ્યોતક છે. સમ્યક્ત્વનો જૈન સંપ્રદાયમાં રૂઢિ અર્થ 'સત્ય' અને 'ઉત્તમ' પ્રચલિત છે.

સમ્યક્ત્વ પ્રગટ થતાં આત્માના અન્ય મુખ્ય ગુણોના પરિણમનને આ વિશેષણ આપવામાં આવે છે. જેમકે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યક્પુરુષાર્થ વગેરે.

પ્રથમ સમ્યક્ત્વ ચતુર્થ ગુણસ્થાનમાં શુદ્ધોપયોગના કાળમાં પ્રગટ થાય છે. પરંતુ સમ્યક્ત્વને શુદ્ધોપયોગ સાથે સમવ્યાપ્તિ પણ છે અને વિષમવ્યાપ્તિ પણ છે (પંચાધ્યાયી ઉત્તરાર્ધ). અર્થાત્ સમ્યક્ત્વ શુદ્ધોપયોગના કાળમાં પણ રહે છે અને શુભ-અશુભ (અશુદ્ધ) ઉપયોગના કાળમાં પણ રહે છે.

અહીંયા સમ્યક્ત્વની અનેક પડખાથી ચર્ચાનો

પ્રસંગ છે. જેથી સમ્યક્ત્વની ઓળખાણ સરળતાથી થાય. ત્યારે, તેના ઉત્પન્ન થવાના કારણની પણ થોડી ચર્ચા આવશ્યક છે. કેમકે, સમ્યક્રૂપી કાર્યનું કારણ મુમુક્ષુની ભૂમિકામાં હોય છે. એટલા માટે, આવા કારણ સંપન્ન મુમુક્ષુને સમ્યક્ત્વ સન્મુખ (પરિણામવાળો) મુમુક્ષુ કહેવાય છે. મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાન જ એકમાત્ર સાધન છે. આ વિષયમાં પંચાધ્યાયી ઉત્તરાર્ધની ૪૦૧ ગાથા દ્રષ્ટવ્ય છે.

**'प्रसिद्धं ज्ञानमेवैकं साधनादिविधौ चितः**
**स्वानुभूत्येकहेतुश्च तस्मात्तत परमं पदम।।'**

(ગાથાર્થ) : આત્માની (મુમુક્ષુની ભૂમિકામાં) સાધનાદિ વિધિમાં જ્ઞાન જ એક પ્રસિદ્ધ (મુખ્ય સાધન) છે. અને (જ્ઞાન જ) સ્વાનુભૂતિનું એક કારણ હોવાથી તે પરમ પદ છે.

આ પ્રકારે પ્રથમ સ્વાનુભૂતિના કાળમાં સમ્યક્ત્વની ઉત્પત્તિ થતી હોવાથી સમ્યક્ત્વનું કારણ પણ જ્ઞાન જ લેવું જોઈએ. આ જ્ઞાન મુમુક્ષુની ભૂમિકામાં ભેદજ્ઞાનના પ્રયોગાત્મક – પ્રયાસરૂપ પ્રકાર છે. જ્યાં અંશતઃ રાગનો (રાગના અવલંબનનો) અભાવ કરીને જ્ઞાનમાં આત્મ સ્વરૂપનો નિશ્ચય કરવામાં આવે છે. આવા સ્વરૂપ નિશ્ચયથી જ્ઞાન અને વીર્યગુણના પરિણમનની દિશા બદલાય છે. માટે આ ભૂમિકાને સમ્યક્ સન્મુખ ભૂમિકા કહેવામાં આવે છે. અહીંયા જેટલું અનંત મહિમાવંત આત્મ સ્વરૂપ છે તેનું ભાવભાસન થાય છે. અને ભાવભાસન થવાથી તેની તેટલા જ પ્રમાણમાં મહિમા આવવા લાગે છે. અને આ જ સ્વરૂપ મહિમાની (ડીગ્રી) તારતમ્યતા વધતા વધતા સ્વરૂપાકાર નિર્વિકલ્પ અવસ્થા પ્રગટ થાય છે. માટે સ્વરૂપની અત્યંત અત્યંત મહિમા તે જ સમ્યક્દર્શનનો પર્યાય છે.

પરિણામોના આશ્રય – અવલંબનની અપેક્ષાથી ત્રિકાળી ભૂતાર્થ સ્વાભાવનો આશ્રય જ સમ્યક્દર્શન છે. જેનો સંકેત સમયસારની ૧૧મી ગાથામાં શ્રીમદ્ કુંદકુંદાચાર્યદેવે કર્યો છે. '**भूयत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' આ પ્રકારે સમ્યક્ત્વ અંતર્મુખ જ્ઞાનમાં જ જણાય છે. બહિર્મુખ જ્ઞાનનો તે વિષય નથી – અંતર્મુખ થઈને રાગના એક સૂક્ષ્મ કણને પણ પોતામાં ભેળવ્યો નહીં અને અનાદિના રાગના એકત્વને તોડીને અધ્યાસનો પણ ત્યાગ – તેનું જ નામ સમ્યક્ત્વ છે. માટે જે ભિન્ન સ્વરૂપે છે એવા પરદ્રવ્ય અને પરભાવને ભિન્નપણે અનુભવવા તે જ સમ્યક્ત્વ છે.

અનુભવ પ્રકાશમાં પૂજ્ય શ્રી દીપચંદજી કાસલીવાલ લખે છે ''જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું એવો દ્રઢભાવ સમ્યક્ત્વ છે.'' અર્થાત્ જ્ઞાન સામાન્યમાં – અનુભૂતિરૂપ જ્ઞાનમાં દ્રઢ ભાવનાથી અહંપણું થવાથી સ્વરૂપમાં અભેદતા સધાય છે. જેને જ્ઞાનીપુરુષ સમ્યક્ત્વ કહે છે.

સમ્યક્ત્વનું વિવેચન બહુભાગ જ્ઞાન પ્રધાનતાથી થાય છે અને તે અનેક પડખાથી થાય છે. જેના અમુક દ્રષ્ટાંતોનો અહીંયા ઉલ્લેખ કરવામાં આવશે. જેમકે વિભાવની અત્યંત વિપરીતતા જ્ઞાનમાં ભાસવી તે જ્ઞાનનું સમ્યક્ત્વ છે. સ્વયંના અવિપરીત સ્વભાવથી પ્રતિપક્ષરૂપ સ્વભાવ જે જે પરિણામમાં હોય છે તે સમ્યક્જ્ઞાનમાં સ્પષ્ટપણે માલૂમ પડી જાય છે.

વળી, જે જ્ઞાન પ્રમાણ થયું તે સમ્યક્ છે. કારણ કે પ્રમાણજ્ઞાનમાં જ સામાન્ય – વિશેષનો યુગપદ અનુભવ થાય છે. આ પ્રકારે સ્વાનુભવ પ્રમાણજ્ઞાન જ સમ્યક્જ્ઞાન છે. જ્ઞાનની સન્મુખતાના બીજા પણ અનેક પડખાં છે. જેમ કે સ્વાનુભવી મોક્ષમાર્ગી ધર્માત્માને એવો અનુભવ રહેતો હોય છે કે ''મારું જે જ્ઞાન છે તે કોઈપણ પ્રકારના કર્મના ઉદયના આક્રમણ વખતે સ્વયંનું જ્ઞાનત્વ છોડતું નથી.'' – આવો અનુભવ સમ્યક્ છે, આ સમ્યક્ત્વનો આવો

પ્રભાવ છે. મોક્ષમાર્ગીને પ્રતિસમય અનંતગુણ વિશિષ્ટ આત્મભાવ વર્ધમાન થતો રહે છે અને તેના અનુપાતમાં સ્વયંનો આત્મા નિર્મળ થતો જાય છે અને દ્રવ્યકર્મની નિર્જરા થતી રહે છે.

વળી, સમ્યક્દર્શનપૂર્વક ઊઘડેલું જ્ઞાન પોતાના પ્રયોજનને સાધતું હોવાથી સમ્યક્ છે.

વળી, 'ભૂતાર્થ (નિજ પરમાત્મસ્વરૂપ) આશ્રિત નવેય તત્ત્વોનું જ્ઞાન તે સમ્યક્ત્વ છે.' (સમયસાર ગાથા. - ૧૩) - નવેય તત્ત્વોનું તત્ત્વદ્રષ્ટિથી ભિન્ન ભિન્ન સ્વરૂપ હોવા છતાં એક દ્રવ્યમયપણાને કારણે (એક દ્રવ્યમયપણું એકત્વ શક્તિના કારણથી છે.) નવે તત્ત્વોમાં એક ચૈતન્ય જ્યોતિ અખંડ ભાવપણે રહી છે જે સમ્યક્દ્રષ્ટિ જીવના જ્ઞાનનો વિષય થાય છે.

વળી, સ્વરૂપનું સ્વયંના જ્ઞાનમાં સ્પષ્ટપણે ગ્રહણ થવું તે જ્ઞાનની સમ્યક્ સ્પષ્ટતા છે. (વિકલ્પાત્મક બાહ્ય જ્ઞાનમાં ન્યાયાદિની સ્પષ્ટતા થવી તે વાસ્તવિક સ્પષ્ટતા નથી.)

સ્વરૂપદ્રષ્ટિ સ્વરૂપને જોઈને સ્વયંના મહિમાના કારણે સ્વરૂપમાં અભેદ થઈ જાય તે દ્રષ્ટિનું સમ્યક્ત્વ છે.

વળી, અનંતગુણ સમૃદ્ધ પૂર્ણ પર્યાયને પણ પરના સ્થાનમાં ગણવાવાળી દ્રષ્ટિ સમ્યક્ છે.

સમ્યક્ત્વના બીજા પણ કેટલાક રૂપ છે જે દર્શાવવા લાયક છે.

વ્યવહારનો વ્યવહારના સ્થાનમાં નિષેધ ન કરવો તે સમ્યક્ત્વ છે. અને સાથે જ વ્યવહારનો નિશ્ચયના સ્થાનમાં નિષેધ કરવો તે સમ્યક્ છે. પંચાધ્યાયી પરમાગમમાં વ્યવહારના નિષેધને જ નિશ્ચયનું સ્વરૂપ નાસ્તિથી બતાવવામાં આવ્યું છે. કારણ કે નિશ્ચય આત્મસ્વરૂપ વચન અગોચર છે. ત્યાં આ જ અભિપ્રાય છે. પરંતુ મોક્ષમાર્ગમાં વ્યવહારના સ્થાનમાં સદ્ભૂત અને અસદ્ભૂત બન્ને પ્રકારના વ્યવહારનું સમ્યક્ પ્રકારે નિરૂપણ કરવામાં આવ્યું છે.

વળી, આત્માના સર્વગુણોનો સ્વરૂપાકાર પરિણમતો અંશ તે પરિણમનનું સમ્યક્ત્વ છે.

જિનેન્દ્ર પરમાત્મામાં અનંત સ્વસંવેદનપૂર્વક પરિપૂર્ણ અંતર્મુખતાનું અભેદરૂપે દેખાવું તે સર્વજ્ઞનું સમ્યક્ પ્રકારે દર્શન છે.

શાસ્ત્ર સ્વાધ્યાય કરવાવાળાને ભેદજ્ઞાનપૂર્વક ભિન્ન, એકાંત શુદ્ધ જ્ઞાનમય આત્માનું વેદન થવું તે શાસ્ત્ર સ્વાધ્યાયનું સમ્યક્ ફળ છે.

જિનાગમના સર્વ કથનમાં અથવા જ્ઞાનીપુરુષના શ્રીમુખેથી પ્રવાહિત સર્વ વચનમાં આત્મકલ્યાણનો આશય સમાવિષ્ટ છે. એક પરમાણુથી માંડીને ચૌદ બ્રહ્માંડનું વિવરણ અને મેષોન્મેષની ક્રિયાથી લઈને શુક્લ ધ્યાનની સર્વ વાતો એક આત્મકલ્યાણ થવા માટે કહી છે. તેથી આ વચન સમ્યક્તા છે. જેનો આધાર કથન કરનારની પરિણમનની સમ્યક્તા છે.

વળી, આ સમ્યક્ત્વનો પ્રભાવ છે કે સમ્યક્ત્વી કોઈ પણ પ્રકારનું કથન કરે તે પારમાર્થિક હેતુવશ હોય છે અને આ કારણથી કોઈપણ મુદ્દા ઉપર અધિક વજન આપે છે તો પણ તેમાં સંતુલન જળવાઈ રહે છે. સમ્યક્ત્વના પ્રભાવથી ત્યાં સંતુલન ગુમાવતા નથી. (સમ્યક્ત્વના અભાવમાં આવું જ કથન એકાંતપણું ધારણ કરે છે.) તેથી જ્યાં સમ્યક્ એકાંત છે ત્યાં જ સમ્યક્ અનેકાંત છે.

વળી, મિથ્યાત્વ અને સમ્યક્ત્વની સમીક્ષા પ્રતિપક્ષપણાને કારણે કરવા યોગ્ય છે.

પરદ્રવ્ય અને પરભાવમાં પોતાપણું તે મિથ્યાત્વ છે. તો પરદ્રવ્ય અને પરભાવમાં પરપણાનો ભાવ તે સમ્યક્ત્વ છે.

પરદ્રવ્ય અને રાગનું કર્તૃત્વ જો મિથ્યા છે તો પરદ્રવ્ય અને રાગનું જ્ઞાતાપણું સમ્યક્ત્વ છે.

પરદ્રવ્યની આધારબુદ્ધિ મિથ્યાત્વ છે જ્યારે સ્વદ્રવ્યની આધારબુદ્ધિ સમ્યક્ત્વ છે.

પરદ્રવ્યમાં સુખબુદ્ધિ મિથ્યાત્વ છે તો સ્વદ્રવ્યમાં સુખબુદ્ધિ સમ્યક્ત્વ છે.

અંતમાં એ વાત ઉલ્લેખનીય છે કે સમ્યક્ત્વ બે કામ કરે છે. એક - શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર અને પુરુષાર્થના પરિણમનમાં વિપરીતતા થવા દેતું નથી અને બીજું નવા કર્મના આસ્ત્રવને રોકે છે. તેથી સમ્યક્ત્વ સ્વયં સંવર છે.

મોક્ષમાર્ગના આ સમ્યક્ત્વ ઉપરાંત આ સમ્યક્ત્વના કારણભૂત જે ભૂમિકાઓ છે તેમાં કાર્યનો કારણમાં ઉપચાર કરીને મુમુક્ષુની ભૂમિકાનું સમ્યક્ત્વ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રકાશ્યું છે. જે નિમ્ન પ્રકારે છે.

મૂળમાં ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલી ભાવના, એટલે કે રાગ–દ્વેષમાંથી નહિ ઉત્પન્ન થયેલી ભાવના અવશ્ય સફળ થાય છે. જેમ નિશ્ચય મોક્ષમાર્ગના પરિણામ ઉદયની સાથે જોડાતા નથી તેથી અનુદય પરિણામ છે. તેમ આ પ્રકારની ભાવના કોઈપણ અનુકૂળ - પ્રતિકૂળ ઉદયની સાથે જોડાવા દેતી નથી. જે ભવિષ્યમાં થવાવાળા મોક્ષમાર્ગના અનુદય પરિણામ સદ્રશ હોવાથી મોક્ષમાર્ગમાં કારણભૂત હોઈને મોક્ષમાર્ગરૂપ પરિવર્તિત થઈ જશે.

સજીવનમૂર્તિની ઓળખાણ થવાથી તેમના વચનની પ્રતીતિ, તેમના વચનને આજ્ઞા સમજીને રુચિપૂર્વક તેનું અનુસરણ કરવું તેવી આજ્ઞા રુચિ અને તેમની સ્વચ્છંદ નિરોધ ભક્તિ કે જે ભક્તિમાં ભક્તિનો અહંભાવ પણ નથી થતો. આવા પરિણામ પરમાર્થ સમ્યક્ત્વનું પ્રત્યક્ષ કારણ હોવાથી આ ભૂમિકાનું આ બીજભૂત સમ્યક્ત્વ કહેવામાં આવ્યું છે. (આત્મસિદ્ધિ ગાથા – ૧૭)

જેને સજીવનમૂર્તિની ઓળખાણ થાય છે તેને નિષ્પક્ષપણે પોતાના પરિણામો અને દોષોના અવલોકનનો પ્રયોગ ચાલુ થાય છે. અને આ પ્રયોગ દરમ્યાન પોતાના વિપરીત અભિપ્રાય મટતા જાય છે અને અવિપરીત અભિપ્રાય ઘડાતા જાય છે. આ પ્રકારે ચારે પડખેથી યથાર્થતા ઉત્પન્ન થાય છે. જે યથાર્થતા આગળ વધીને સમ્યક્ત્વમાં પરિવર્તીત થઈ જાય છે. તેથી આત્માર્થીનું યથાર્થ પરિણમન કારણ છે. અને સમ્યક્ત્વ કાર્ય છે.

આ પ્રકારના યથાર્થ પરિણમનમાં જ્યારે આત્મ સ્વરૂપની ઓળખાણ થાય છે ત્યારે સ્વરૂપનો ભાવભાસન પૂર્વક સ્પષ્ટપણે નિર્ણય થાય છે. આ પ્રકારના નિર્ણય સાથે નિશ્ચયબળ પ્રગટ થાય છે અને અનંત મહિમાવંત પરમ પદાર્થ પરમાત્મ તત્ત્વનો ઉત્કૃષ્ટ મહિમા અને અભેદ રુચિ પ્રગટ થાય છે. આવી સમ્યક્ત્વ સન્મુખ ભૂમિકા પરમાર્થ સમ્યક્ત્વના અંગભૂત હોવાથી સમ્યક્ત્વનું પ્રત્યક્ષ કારણ છે. અથવા ઉક્ત પરિણામો સમ્યક્ત્વનો સાક્ષાત્કાર કરાવશે.


અંતમાં સમ્યક્ત્વની સ્તુતિ પ્રશંસા કરતાં

(૧) અનંત જન્મ–મરણને રોકવાવાળું કોઈ હોય તો એક સમ્યક્ત્વ જ છે.

(૨) સમ્યક્ત્વ સ્વરૂપની ભ્રાંતિને ઉત્પન્ન થવા નથી દેતું.

(૩) સમ્યક્ત્વ એક બળવાન યોદ્ધો છે કે જેના તેજથી સર્વ કર્મ દૂરથી જ પીઠ દેખાડીને ભાગવા લાગે છે અને સમ્યક્ત્વ જ અનંતગુણોને પ્રગટ થવાનું મૂળ છે.

# 'સમ્યક્ત્વ' સંબંધિત પૂજ્ય 'ભાઈશ્રી શશીભાઈ'ના 'અનુભવ સંજીવની'માંથી વચનામૃત



સમ્યક્ શ્રદ્ધાન એ નિર્મલ આત્મ પરિણામ છે કે જે સંયમની વૃદ્ધિનું કારણ છે. - શ્રીમદ્જી. (૧૭)

*

**'दंसण मूलो धम्मो'** - આ શ્રીમદ્ ભગવાન કુંદકુંદાચાર્યનું ગંભીર વચનામૃત - સૂત્ર સિદ્ધાંતરૂપ છે. દર્શન અર્થાત્ શ્રદ્ધાન. આત્માના સર્વ અનંત ગુણોમાં - આ ગુણની વિશિષ્ટતા દર્શક આ સૂત્ર છે. તેમાં ઘણી ગંભીરતા છે. વાસ્તવિકપણે 'દર્શન' પ્રાપ્ત - અનુભવી મહાત્મા તેનો યથાતથ્ય અનુભવ કરે છે. કારણ વચન અગોચર તેમાં ઘણું છે. જે દર્શન શક્તિથી મોક્ષમાર્ગનો અંકુર ફુટે છે, સર્વ ગુણાંશ સ્વયં સમ્યક્ થાય છે, જે એવા પ્રકારે મૂળ અંગરૂપે પરિણમતાં - વર્તતા, મોક્ષમાર્ગ વૃદ્ધિગત થઈ, સંપૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષ અનિવાર્યપણે થાય જ થાય છે. જેને લઈને સિદ્ધ ભગવંતો સિદ્ધ પર્યાયમાં અનંતકાળ ટકે છે. તે **दंसण** - મૂળ ધર્મ / કલ્યાણમૂર્તિ સમ્યક્ પ્રકારે સેવવા યોગ્ય છે. આ એક ગુણ એવો છે કે જે શરૂથી સદા પોતાની પૂરી - અનંત શક્તિથી પરિણમે છે અને અન્ય સમસ્ત ગુણોની નિર્મળતા થવામાં/ વધવામાં નિમિત્ત થાય છે. (૧૦૫)

*

* દર્શનમોહથી પરમાં સ્વપણાનો ભાવ થાય છે, ત્યારે જીવ મીઠાશ વેદે તો મોહ વૈરી પ્રબળ થાય છે, અને જીવની શક્તિ હાનિ પામે છે; પરિણામે ચોરાશી લાખ યોનીના દુઃખ પ્રાપ્ત થાય છે. આવા પ્રબળ અનિષ્ટને સમ્યક્ત્વ રોકે છે.

* દર્શનમોહ જ જીવને બહિર્મુખ રાખે છે, તેને હણી, સમ્યક્ત્વ જીવને અંતર્મુખ કરે છે; અને અમૃતરસનું આસ્વાદન કરાવે છે.

* દર્શનમોહે જ પોતાને - અનંત જ્ઞાનાદિ ગુણના ધણીને ભૂલાવી દીધો છે;-(સમ્યક્ત્વ) તેને - ભૂલાવાને ફરી આવવા દેતો નથી.

* આ પ્રકારે સમ્યક્ત્વ સર્વ અવગુણભાવોનો પ્રતિકાર કરનાર બળવાન યોદ્ધો છે; જેના તેજથી સર્વ કર્મ દૂરથી જ પીઠ દઈને નાસવા લાગે છે.

* દર્શનમોહથી અનિત્ય એવા શરીરાદિ સંયોગમાં નિત્યતા મનાય છે, દેહના નવ દ્વારથી શ્રવતા પદાર્થોમાં આસક્તિ થાય છે, તેવા અજ્ઞાન / વિપરીત ભાવને ઉત્પન્ન થતું - સમ્યક્ત્વ રોકે છે. સંક્ષેપમાં સર્વ અવગુણોનું રોધક અને સર્વ ગુણોને પ્રગટવાનું મૂળ સમ્યક્ત્વ છે. (૪૪૮)

*

સર્વજ્ઞ વીતરાગદેવનું સ્વરૂપ ઓળખાતા મોહ ક્ષય થાય જ તેવો નિયમ છે. પરંતુ કોઈ પ્રગટ કારણને (પ્રતિમાજી અથવા શાસ્ત્રજી) અવલંબી, સર્વજ્ઞને સમ્યક્ત્વભાવે પણ જો ઓળખવામાં આવે, તો તેથી જીવ મોક્ષમાર્ગની સન્મુખ અવશ્ય થાય.

પ્રત્યક્ષ સર્વજ્ઞ પરમાત્મા, અથવા પ્રત્યક્ષ સત્પુરુષ વા મુનિરાજના સમાગમ યોગે, સ્વભાવનું સમ્યક્પણું ભાસે, તો તેથી જીવ મોક્ષમાર્ગની સન્મુખ અવશ્ય થાય, તે તેનું મહત્ ફળ છે. તે અપૂર્વ છે. ઉત્કૃષ્ટ પાત્રતાવાન અથવા ખરી મુમુક્ષુતા પ્રગટવાથી જ સફળતા પ્રાપ્ત થાય છે. (૮૦૮)

*

અધ્યાત્મમાર્ગમાં જ્ઞાનની સાધન અપેક્ષાએ પ્રધાનતા છે. જ્ઞાનવેદનનો આવિર્ભાવ થતાં સ્વાનુભૂતિ સમુત્પન્ન થાય છે, સ્વાનુભૂતિ સમ્યક્ત્વ ઉપજવાનું કારણ છે અને સમ્યક્ત્વ થતાં આત્માના અનંત - સર્વગુણો સમ્યક્ થઈ આત્માભિમુખ થઈ, જાત્યાંતર થઈ, પરિણમવા લાગે છે, જે ભવ નિવૃત્તિનું - પરમ કલ્યાણનું એકમાત્ર કારણ છે. તેથી સમ્યક્ત્વનો અનંત મહિમા શ્રી જિને ગાયો છે. સર્વ ધર્માત્માઓએ સમ્યક્ભાવને અભિવંદ્યો છે, અભિનંદ્યો છે. (૧૧૧૦)

*

જિજ્ઞાસા : કૃપાળુદેવના વચનામૃતમાં એમ આવે છે કે સર્વજ્ઞને પણ સમ્યક્દ્રષ્ટિપણે ઓળખવાનું ફળ મહત્ (બહુ મોટું) છે- તો ત્યાં તેઓનો કહેવાનો આશય શું છે ?

સમાધાન : પ્રથમ તો, સજીવનમૂર્તિના પ્રત્યક્ષ યોગ વિના અંતર પરિણતિના દર્શન થતા નથી અને (અંતર પરિણતિના) તેમ થયા વિના ઓળખાણ થતી નથી. ત્રણ પ્રકારે (સ્થિતિએ) તે સજીવનમૂર્તિ બિરાજે છે, સર્વજ્ઞ, નિર્ગ્રંથ મુનિરાજ, અને સમ્યક્દ્રષ્ટિ શ્રાવક. પ્રથમના બે પદવાળાની બાહ્યદશા અત્યંત ત્યાગની હોવાથી બાહ્ય દ્રષ્ટિવાનને પણ શંકાનો અવકાશ નહિવત્ છે. પરંતુ તેમની અંતર વીતરાગ પરિણતિ અતિ સૂક્ષ્મ છે, જે મુમુક્ષુની ભૂમિકામાં ઓળખાય / પકડાઈ તેવી ક્ષમતા પ્રાયઃ ત્યાં હોતી નથી; સમ્યક્દ્રષ્ટિની પરિણતિ ઉત્કૃષ્ટ - ઉત્તમ મુમુક્ષુ ઓળખી શકે તેવી છે, પરંતુ બાહ્યદશામાં શંકા ઉત્પન્ન થાય તેવી પરિસ્થિતિ ઘણી છે. તેથી જ ત્રણેય સજીવનમૂર્તિનો યોગ અનંતકાળમાં અનંતવાર થવા છતાં આજ સુધી ઓળખાણ (પહેલું સમકિત) થયું નથી.

ત્રણેયમાં સમ્યક્ત્વ સામાન્ય છે, તેથી જો તે એક સમ્યક્ત્વપણે ઓળખાય તો ત્રણેની શ્રદ્ધા થાય (અને) વીતરાગતાથી ઓળખાય તેવો સિદ્ધાંત ગ્રહણ કરતાં, સમ્યક્દ્રષ્ટિમાં (તે પ્રગટ નહિ દેખાવાથી) અવ્યાપ્તિ દોષ આવે છે જ્યારે સમ્યક્ત્વમાં તેવો દોષ આવતો નથી. તેથી સર્વજ્ઞને પણ સમ્યક્ત્વપણે ઓળખતાં તેનું ફળ મહત્ છે એટલે કે નિર્વાણપદ છે. કેમકે તેમાં સ્વભાવ દર્શન છે. તે સ્વભાવ દર્શન થયા વિના સર્વજ્ઞને સર્વજ્ઞપણે માનવાનું આત્મ પ્રત્યયી કાંઈ ફળ નથી. એમ તેમનો કહેવાનો આશય છે. (૧૬૨૬)

*

જિજ્ઞાસા : સજીવનમૂર્તિને સમ્યક્ત્વપણે ઓળખવા એટલે શું ? અને તે કેવી રીતે ઓળખવા?

સમાધાન : બાહ્ય દ્રષ્ટિવાન જીવને સમકિત સમજાતું નથી. (કારણ) સમ્યક્ત્વ એ અંતર્ દ્રષ્ટિનો વિષય છે. કેમકે તે જીવનું અંતર્મુખી પરિણમન છે. અંતરાત્મવૃત્તિવાળા જીવને સજીવનમૂર્તિના પ્રત્યક્ષ સમાગમે તથારૂપ સત્સંગ પ્રાપ્ત થયે, ઓળખવાની પરમ જિજ્ઞાસા થયે તે ઓળખાય છે. પરિણામની 'સ્વાભિમુખ દિશા' સૂચવતો આ વાચક શબ્દ છે, તેનું વાચ્ય ભાવભાસનરૂપે થવાથી, તેની ઓળખાણ થાય છે. આત્મા સ્વભાવે પરિપૂર્ણ

અંતર્મુખ સ્વભાવી છે. જે પૂર્ણદશામાં પ્રગટ થાય છે અને વચનઅગોચર છે. તેથી કોઈ તેને કહેવા સમર્થ નથી. પરંતુ તે જ્ઞાનગોચર છે. સમ્યક્ત્વ જ્યારે સમજાય છે ત્યારે જ્ઞાનીના વચનો અને શાસ્ત્ર વચનોમાં રહેલો સમ્યક્ આશય ગ્રહણ થાય છે. અર્થાત્ પ્રતિપાદનની સમ્યક્તા નજરે ચડે છે. તેથી કહેનારની ઓળખાણ થાય છે. (૧૬૨૭)

*

જે જે ભાવો અને જે જે વચનો પરસન્મુખતા અને બાહ્યદ્રષ્ટિપણું છોડાવે અને જે જે ભાવો અંતર્મુખ થાય વા થવાના કારણભૂત થાય તથા જે જે વચનો અંતમુર્ખ થવાના કારણભૂત થાય, તે તે સર્વભાવો અને વચનો (સ્વાનુભવી પુરુષના) સમ્યક્ છે - આ લક્ષણોથી, અતિ સૂક્ષ્મ એવું, સમ્યક્ત્વ પરખવા યોગ્ય છે. (૧૬૨૮)

*

જિજ્ઞાસા : પંચાધ્યાયી (ઉ) ગા - ૪૦૦માં સમ્યક્ત્વને અતિ સૂક્ષ્મ કહેલ છે, તેથી તે કહી શકાતું નથી - તેમ કહેલ છે, તો તેનો પરમાર્થ શું છે ?

સમાધાન : વસ્તુતાએ સમ્યક્ત્વ અતિ સૂક્ષ્મ છે જ અને તેથી સુગમપણે મુમુક્ષુને સમજાતુ નથી. સમ્યક્ત્વ જ્ઞાનની નિર્મળતાએ સમજાય છે અને અતિ સૂક્ષ્મતાને લીધે વચન અગોચર છે, તેમ વસ્તુસ્થિતિએ છે. આથી પરમાર્થ એવો લક્ષિત થાય છે કે સમ્યક્ત્વ, કે સમ્યક્ત્વી તે કહેવા સાંભળવાનો વિષય નથી - પરંતુ જ્ઞાનગોચર કરવાનો વિષય છે. તેથી તે પ્રકારે જ (ઓળખવા) પ્રયત્ન કરવો યોગ્ય છે અન્યથા પ્રકારે પ્રયત્ન કરવા યોગ્ય નથી. (૧૬૬૦)

*

**સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સમાધિદિનના (ચૈત્ર સુદ ૫)**
**ઉપલક્ષમાં ત્રિદિવસીય ધાર્મિક કાર્યક્રમ**


૧) ચૈત્ર સુદ ત્રીજ, શુક્રવાર (તા.૨૪-૩-૨૦૨૩)થી પાંચમ, રવિવાર (તા.૨૬-૩-૨૦૨૩)

સવારે : ૭.૦૦ થી ૮.૦૦ પૂ.ભાઈશ્રીનું ઑડિયો પ્રવચન
સ્થળ : **'જ્ઞાનમાત્ર'** સમાધિ મંદિર, ભાવનગર
૧૦.૦૦ થી ૧૧.૩૦ મંડલ વિધાન પૂજા
સ્થળ : દિગંબર જૈન મંદિર, જુની માણેકવાડી, ભાવનગર

બપોરે : ૪.૩૦ થી ૫.૩૦ પૂ.ભાઈશ્રી ગુણાનુવાદ
સ્થળ : શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

રાત્રિ : ૮.૦૦ થી ૯.૦૦ પૂ.ભાઈશ્રી વિડીયો પ્રવચન
સ્થળ : શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

૨) ચૈત્ર સુદ પાંચમ, સમાધિ દિવસે પ્રાતઃકાળે ૪.૦૦ થી ૪.૩૦ વૈરાગ્ય ભક્તિ તથા શ્રદ્ધાંજલી
સ્થળ : શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર



# પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો

## પત્રાંક - ૩૩૫

મુંબઈ, ફાગણ સુદ ૧૦, બુધ, ૧૯૪૮

**ઉદાસ પરિણામ આત્માને ભજ્યા કરે છે. નિરુપાયતાનો ઉપાય કાળ છે.**

પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ,

સમજવા વિષેની જે વિગત લખી છે, તે ખરી છે. એ વાતો જ્યાં સુધી જીવના સમજ્યામાં આવતી નથી, ત્યાં સુધી યથાર્થ ઉદાસીન પરિણતિ પણ થવી કઠણ લાગે છે.

'સત્પુરુષ કેમ નથી ઓળખવામાં આવતા ?' એ વગેરે પ્રશ્નો ઉત્તરસહિત લખી મોકલવાનો વિચાર તો થાય છે; પણ લખવામાં ચિત્ત જેવું જોઈએ તેવું રહેતું નથી, અને તે વળી અલ્પકાળ રહે છે, એટલે ધારેલું લખી શકાતું નથી.

આત્માને ઉદાસ પરિણામ અત્યંત ભજ્યા કરે છે.

એક અર્થી-જિજ્ઞાસ્ય-વૃત્તિવાળા પુરુષને એક પત્ર લખી, મોકલવા માટે આઠેક દિવસ પહેલાં લખ્યું હતું. પાછળથી અમુક કારણથી ચિત્ત અટકતાં તે પત્ર પડતર રહેવા દીધું હતું, જે વાંચવા માટે આપને બીડી આપ્યું છે.

જે વાસ્તવ્ય જ્ઞાનીને ઓળખે છે, તે ધ્યાનાદિને ઇચ્છે નહીં, એવો અમારો અંતરંગ અભિપ્રાય વર્તે છે.

માત્ર જ્ઞાનીને ઇચ્છે છે, ઓળખે છે અને ભજે છે, તે જ તેવો થાય છે, અને તે ઉત્તમ મુમુક્ષુ જાણવો યોગ્ય છે.

ઉદાસ પરિણામ આત્માને ભજ્યા કરે છે.

ચિત્તની સ્થિતિમાં જો વિશેષપણે લખાશે તો લખીશ.

નમસ્કાર પહોંચે.

*

## પત્રાંક - ૩૩૬

મુંબઈ, ફાગણ સુદ ૧૧, બુધવાર, ૧૯૪૮

અત્રે ભાવસમાધિ છે.

વિશેષે કરીને 'વૈરાગ્ય પ્રકરણ'માં શ્રી રામે જે પોતાને વૈરાગ્યનાં કારણો લાગ્યાં તે જણાવ્યાં છે, તે ફરી ફરી વિચારવા જેવાં છે.

ખંભાત પત્રપ્રસંગ રાખવો. તેમના તરફથી પત્ર આવવામાં ઢીલ થતી હોય તો આગ્રહથી લખશો એટલે ઢીલ ઓછી કરશે. પરસ્પર કંઈ પૃચ્છા કરવાનું સૂઝે તો તે પણ તેમને લખશો.

*

## પત્રાંક - ૩૩૭

મુંબઈ, ફાગણ સુદ ૧૧॥, ગુરુ, ૧૯૪૮

ચિ. ચંદુના સ્વર્ગવાસના ખબર વાંચી ખેદ થયો. જે જે પ્રાણીઓ દેહ ધારણ કરે છે, તે તે પ્રાણીઓ તે દેહનો ત્યાગ કરે છે, એમ આપણને પ્રત્યક્ષ અનુભવસિદ્ધ દેખાય છે; તેમ છતાં આપણું ચિત્ત તે દેહનું અનિત્યપણું વિચારી નિત્ય પદાર્થના માર્ગને વિષે ચાલતું નથી, એ શોચનીય વાતનો વારંવાર વિચાર કરવો યોગ્ય છે. મનને ધીરજ આપી ઉદાસી નિવૃત્ત કર્યે છૂટકો છે. દિલગીરી ન કરતાં ધીરજથી તે દુઃખ સહન કરવું એ જ આપણો ધર્મ છે.

આ દેહ પણ જ્યારે ત્યારે એમ જ ત્યાગવાનો છે, એ વાત સ્મરણમાં આવ્યા કરે છે, અને સંસારપ્રતિ વૈરાગ્ય વિશેષ રહ્યા કરે છે. પૂર્વકર્મને અનુસરી જે કંઈ પણ સુખદુઃખ પ્રાપ્ત થાય તે સમાનભાવથી વેદવું એ જ્ઞાનીની શિખામણ સાંભરી આવી છે, તે લખી છે. માયાની રચના ગહન છે.

*

**'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી) ના સ્વામિત્વનું વિવરણ ફોર્મ નં.૪, નિયમ નં. ૮**


પત્રનું નામ : 'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી).
પ્રકાશન સ્થળ : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧.
પ્રકાશન અવધિ : માસિક
મુદ્રક : અજય ઓફસેટ, ૧૫/સી બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪.
પ્રકાશકનું નામ : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧
સંપાદકનું નામ : શ્રી રાજેન્દ્ર જૈન, (ભારતીય), ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧
સ્વામિત્વ : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧

હું, રાજેન્દ્ર જૈન, એતદ દ્વારા ઘોષણા કરું છું કે મારી અધિકૃત જાણકારી અને વિશ્વાસ અનુસાર ઉપરોકત વિવરણ સત્ય છે.

તા. ૩૧-૩-૨૦૨૩ રાજૈન્દ્ર જૈન

મેનેજીંગ ટ્રસ્ટી-શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ.

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૧૩–C



પ્રશ્ન :- .. તીવ્ર અશુભભાવ પણ નથી હોતા. એવો સાદો નિત્યક્રમ હોય છે. તો એમાં પ્રયોગની રીત આવડતી નથી. જે પ્રયોગ કરીએ છીએ અનુભવમાં જવા માટે, આત્માનો અનુભવ કરવા માટે. અને એ વખતમાં એટલા તીવ્ર ભાવ નહીં હોવાથી અનુભવમાં ઉતરવાનું બની શકતું નથી. એટલે પ્રયોગની રીત નથી આવડતી, નથી સમજાતી, અંદર ઉતરતી નથી તો કેમ કરવું? પ્રયોગ કેવી રીતે કરવો નિત્યક્રમ વખતે?

ઉત્તર :- એવું છે ને પોતાનો સ્વભાવ ઓળખાતો નથી. હું જુદો છું એ સ્વભાવ ઓળખાય. પોતે ભેદજ્ઞાન કરે એ એનો મુખ્ય માર્ગ તો એ છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને ભેદજ્ઞાન કરવું. વળી ભાવો અમુક જાતના તીવ્ર રાગના એવા ન હોય, મંદકષાય હોય તોપણ એ સ્વભાવ પોતાનો નથી. એનાથી આત્મા જુદો છે. એ આત્મા જુદો છે એનો જ્ઞાયક સ્વભાવ ઓળખવો જોઈએ. અને પોતાને જુદો પાડવો જોઈએ. ભલે મંદ કષાયો થાય. પણ એ બધા ભાવોથી મારો સ્વભાવ જુદો છે. હું તો જ્ઞાયક જાણનારો છું. એમ હું જાણનારો છું એમ વિચાર કરીને નક્કી કરે પણ એને સ્વભાવમાંથી ગ્રહણ કરે તો યથાર્થ થાય. વિચારથી તો નક્કી કરતો હોય પણ અંદર સ્વભાવથી ગ્રહણ કરવો જોઈએ.

એનો માર્ગ તો એક જ છે કે પોતાને ઓળખીને, પોતાના સ્વભાવને ઓળખીને ભેદજ્ઞાન કરવું. પણ એ અનાદિની એવી એકત્વબુદ્ધિ થઈ ગઈ છે કે મંદકષાયમાં પણ એકત્વ થઈ રહ્યું છે. એ એકત્વથી એને જુદો પાડવો કે હું તો જ્ઞાયક છું, હું તો જાણનારો છું. કોઈપણ વિકલ્પ મારો સ્વભાવ નથી. કોઈપણ કાર્ય કોઈ પ્રવૃત્તિ કે કોઈ કર્તાબુદ્ધિ કોઈ મારો સ્વભાવ નથી. પરપદાર્થના કોઈ કાર્યમાં જોડાવું અથવા શુભભાવો પણ મારો સ્વભાવ તો નથી. હું તો એનાથી જુદો જ્ઞાયક છું. હું જાણનારો છું. હું જ્ઞાયક જ્ઞાતા છું એનું ભેદજ્ઞાન કરવું. હું અનાદિ શાશ્વત આત્મા, શુદ્ધાત્મા છું. એવું અંતરથી થવું જોઈએ એને.

પછી અશુભભાવોથી બચવા શુભભાવો તો વચ્ચે આવે છે. એ કાંઈ છૂટી નથી જતાં. પણ એનાથી હું જુદો છું. એ જુદાપણાની શ્રદ્ધા એને તે ક્ષણે પણ રહેવી જોઈએ. એ ક્ષણે શ્રદ્ધા રહેતી નથી અને એકત્વ થઈ જાય છે. માટે જે અનાદિનું છે એ એમ ને એમ ચાલ્યું આવે છે. પણ એ ન થાય ત્યાં સુધી રુચિ એની મહિમા, એના વિચારો કરે પણ એણે કાર્ય તો એક જ કરવાનું છે. એણે ભેદજ્ઞાન કરી દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી. કરવાનું એક જ છે. પણ એ કરવાનું એને

અઘરું થઈ પડ્યું છે. અનાદિની એકત્વબુદ્ધિ થઈ ગઈ છે એટલે. પ્રયોગ તો એ એક જ કરવાનો છે કે હું જાણનારો જ્ઞાયક છું અને જુદો છું. હું શુદ્ધાત્મા છું. પણ એ અંતરમાંથી થાવું જોઈએ એને. એ અંતરથી થાતું નથી.

પ્રશ્ન :- એવા શુભાશુભ ભાવો જે આવે છે એ જણાય પણ છે અને ભાષામાં કહેવાય પણ છે. તોપણ એમાંથી પ્રવૃત્તિ છૂટીને સ્વભાવમાં સ્થિતિ થતી નથી.

ઉત્તર :- એ પોતે કરતો નથી અંતરમાં. અનાદિનો જે અભ્યાસ છે એમાં ને એમાં દોડ્યો જાય છે. એનો પ્રવાહ તે તરફ જ દોડ્યો જાય છે. એની દિશા બદલતી નથી. દિશાનો પોતા તરફ પ્રવાહ એનો વળવો જોઈએ એ વળતો નથી. પોતે કરે તો થાય. પાણીનો પ્રવાહ જે ચાલ્યો એ ચાલ્યો. પોતાનો અનાદિનો પ્રવાહ ચાલે છે. એમાંથી પોતે પોતાને વાળે તો વળી શકે એવું છે. વાળતો નથી. સ્થિર ઊભો રહીને હું જ્ઞાતા છું, જાણનાર છું એ પ્રવાહમાં નહિ જોડાતા હું જ્ઞાયક જાણનારો છું, હું તો શુદ્ધાત્મા છું. આ મારું સ્વરૂપ નથી. હું તો શુદ્ધાત્મા નિર્મળ જ્ઞાતા છું. એમ વિકલ્પથી નહિ પણ એની પરિણતિમાં આવવું જોઈએ. પહેલા ન થાય ત્યાં સુધી વિકલ્પથી આવે. એ લગની લાગે, વિકલ્પથી આવે પણ એ વારંવાર-વારંવાર કર્યા કરે અંતરમાંથી. એમ કરતા જો એને યથાર્થ થાય અને એવી પરિણતિ થાય ત્યારે જ એનો યથાર્થ માર્ગ પ્રગટ થાય છે.

પ્રશ્ન :- પરિણતિ થતાં પહેલા આવી રીતે વિકલ્પથી કર્યા કરીએ તો ચાલે?


ઉત્તર :- વિકલ્પથી કર્યા કરે પણ અંતરથી લાગે તો થાય એમ. વિકલ્પથી કર્યા કરે પણ અંતરથી લાગે તો થાય. એનો માર્ગ એક જ છે. તત્ત્વનો યથાર્થ નિર્ણય કરવો. નિર્ણય પણ એ પછી અંતરમાંથી મંદ મંદ રાખ્યા કરે અને ઉગ્રતા ન ઉપાડે તો ન થાય. એને મંદ-મંદ કરતા-કરતા પણ પોતે પાછો ઉગ્ર થઈને કરે તો થાય. એવી રીતે કરવાનું તો પોતાને જ છે. પણ કાંઈક છોડી દે કે નથી થાતું. આટલો કાળ ગયો પણ થાતું જ નથી. માટે કાંઈ નથી થાતું. એમ કરીને છોડી દે તો ન થાય. એની પાછળ પડે તો થાય છે.

કોઈને અંતર્મુહૂર્તમાં થાય એ જુદી વાત છે. કોકને થાય. બાકી ઘણાને આમાં અભ્યાસ કરતા કરતા થાય છે. એનો વારંવાર અભ્યાસ કર્યા કરવો.

**(તત્ત્વચર્ચાનો શેષ અંશ આવતા અંકમાં..)**


## આભાર

**'સ્વાનુભૂતિપ્રકાશ' (માર્ચ-૨૦૨૩, ગુજરાતી તથા હિન્દી) ના આ સમાધિ વિશેષાંકની સમર્પણ રાશિ સ્વ. શૈલેષભાઈ દેસાઈના સ્મણાર્થે, હસ્તે શ્રીમતી મીતાબહેન દેસાઈ મુમુક્ષુ પરિવાર, મુંબઈ તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.**



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી 'પ્રયોજન (પર્યાય અપેક્ષાએ કર્તવ્ય)' સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

જ્ઞાનનો વિષય દ્રષ્ટિના વિષયને સાધવા પુરતો લક્ષમાં લેવો ઠીક છે, બાકી તેનું (તેનાથી વધારે) પ્રયોજન નથી. (પ્રયોજનભૂત વિના 'સ્વરૂપ' જાણવામાં આવતું હોવા છતાં બધા જ્ઞેયોમાં જ્ઞાનને પોતાનું પ્રયોજન ભાસ્યમાન થતું નથી.) (૧૪)

*

પોતાના સુખધામમાં સદાય જામી રહેવું, બસ આ જ એક વાત બાર અંગનો સાર છે. (૧૯૨)

*

ખરેખર આત્મા કેવી રીતે પ્રાપ્ત થાય - તે જ એક ધ્યેય હોવું જોઈએ. બીજી બીજી વાતોથી શું પ્રયોજન ? (૨૭૩)

*

બહારથી તો આપણે કાંઈ પ્રયોજન છે જ નહિ. તેથી બાહ્ય પદાર્થોથી તો સહજ જ ઉદાસીનપણું રહે જ. (૨૮૩)

*

નિત્ય પડખું અને અનિત્ય પડખું તે બન્ને પડખાં એક વસ્તુનાં છે; હવે પ્રયોજન-સિદ્ધ કરવાનો મતલબ છે, તો આ પ્રયોજન નિત્ય પડખાને મુખ્ય કરવાથી અને અનિત્ય પડખાને ગૌણ કરવાથી સિદ્ધ થાય છે. (૩૦૯)

*

સ્વદ્રવ્યમાં જામી જવું એક જ કર્તવ્ય છે, તે પણ પરિણામની અપેક્ષાથી. 'મારી' અપેક્ષાએ, 'હું' તો કૃતકૃત્ય જ છું કાંઈ કર્તવ્ય નથી. 'હું' તો અનંતવીર્યની ખાણ છું. (એમાં મારા એવા સ્વરૂપમાં 'કાંઈ પણ કરવું' એ ભ્રાંતિ છે. (૩૧૮)

*

બધા શાસ્ત્રોમાં મૂળ તો અનુભૂતિ પર જ આવવાનું છે. (૩૪૦)


*

મૂળ વાતમાં અપેક્ષા લગાવે છે તો મને તો ખટકે છે. (કેમકે) તેમાં જે તીખાશ હોય છે તે તૂટી જાય છે. અપેક્ષા લગાવાથી ઢીલાપણું આવી જાય છે. (મૂળ વાત પર જોર દેતી વખતે કોઈ અપેક્ષા લગાવીને બીજી અપેક્ષાથી આમ પણ છે - એવું કહેવાથી મૂળ વાત ગૌણ થઈ જવાથી પ્રયોજન સિદ્ધ થતું નથી, એટલે ખટકે છે.) (વસ્તુ અનંત સામર્થ્યવંત છે. અતઃ એના પ્રતિ જોર (ભીંસ / દૃબાણ) આવે છે. પરંતુ તે બીજી અપેક્ષા ખોલીને તેના જોરને ઢીલું કરવું, તે અપેક્ષા સંબંધિત વિપર્યાસ છે જે ખટકે છે.) (૩૫૧)

*

## જિજ્ઞાસુઓ માટે નિઃશુલ્ક ભેંટ




પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ 'અધ્યાત્મ સુધા' ભાગ ૧-૧૨ તથા 'સુવિધિ દર્શન'ને વાચકો દ્વારા મળેલ અભૂતપૂર્વ પ્રતિસાદને લક્ષમાં રાખીને નિમ્ન બે પુસ્તકોનો સેટ આત્મકલ્યાણ ઈચ્છુક જીવોને નિઃશુલ્ક મોકલવામાં આવશે. રસ ધરાવતા મુમુક્ષુઓએ નીચે આપેલ વોટ્સ અપ નંબર ઉપર પૂરું નામ-સરનામું પિનકોડ સહિત સત્વરે મોકલવા વિનંતી.

૧) કહાન રત્ન સરિતા (ભાગ-૧)

વિષય - પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ ખાસ વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચન

૨) કહાન રત્ન સરિતા (ભાગ-૨)

વિષય - પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી 'ક્રમબદ્ધપર્યાય'ના ઐતિહાસિક વિષય પરના વચનામૃત ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચન

- સંપર્ક -

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ**

નીરવ વોરા મો : ૯૮૨૫૦ ૫૨૯૧૩

***REGISTERED NO. : BVHO - 261 / 2021-2023***
***RENEWED UPTO : 31/12/2023***
***R.N.I. NO. : 69847/98***
***Published : 10th of Every month at BHAV.***
***Posted at 10th of Every month at BHAV. RMS***
***Total Page : 20***



... દર્શનીય સ્થળ ...

## શશીપ્રભુ સમાધિ મંદિર

# "જ્ઞાનમાત્ર"

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડૉલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

Printed Edition :
Visit us at : http://www.satshrut.org

mayur process 9374825041